
સુવિચાર : એક તપેલીમાં કંઇ દરિયો ન ભરાય તેમ માત્ર બુદ્ધિ થકી બ્રહ્મની પહેચાન ન થાય - જનકલ્યાણ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૮૦ | ૩૦ મે, ૨૦૧૫, શનિવાર ; જેઠ સુદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦



દિલ્હીમાં વિમાનીમથકે રેડિયો એક્ટિવ લીક થતાં ખળભળાટ

Page-6

# કલોલ તાલુકા પંચાયતનું સીમાંકન જાહેર

## ૩ નવી બેઠકો બની : તાલુકા પંચાયતની સીટનો સરેરાશ વિસ્તાર ૧૫ કિ.મી. : નવા સીમાંકનને લઈ બંને પક્ષોમાં ગણગણાટ

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર જિલ્લાની કલોલ તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી માટેનું નવું સીમાંકન જાહેર થતાં જ રાજકીય વર્તુળોમાં ચણભણાટ સાથેનો ગરમાવો ઉભો થવા પામ્યો છે.

ત્રણ નવી બેઠકો સાથે તાલુકા પંચાયતની કુલ ૨૮ બેઠકો નિયત કરવામાં આવી છે. આ નવા સીમાંકનમાં સામાન્ય લાગતા બદલાવોને લઈને પણ તાલુકાના રાજકારણમાં ભારે બદલાવ જોવા મળી રહ્યો છે.

રાજય ચૂંટણી પંચ દ્વારા નવા સીમાંકન અંગેના પ્રાથમિક આદેશોને લઈ ભાજપ-કોંગ્રેસ બંનેમાં ગણગણાટ જોવા મળી રહ્યો છે. ૭ થી ૮ ગામોની હદ અન્ય બેઠકો સાથે જોડાતાં સમગ્ર રાજકીય સમીકરણો બદલાયા છે અને પક્ષોને આ જંગ જીતવા આકરી મહેનત જ નહિ પણ એડીચોટીનું જોર લગાવવું પડે તેવી સ્થિતિ ઉભી થવા પામી છે.

રાજય ચૂંટણી પંચે જાહેર કરેલા પ્રાથમિક આદેશમાં ૨૮ બેઠકો નિયત કરાઈ છે. જેમાં ૧૪ બેઠકો મહિલાઓ માટે અનામત રાખવામાં આવી છે. તાલુકા પંચાયતની એક બેઠકનો વિસ્તાર સરેરાશ ૧૦ થી ૧૫ કિમીનો બને છે.

૨૦૧૧ની વસ્તી ગણતરી પ્રમાણે કલોલ તાલુકાની વસ્તી ૨,૩૬,૫૧૭ થઈ છે. તેથી આયોગના અભિગમ મુજબ બેઠક દીઠ સરેરાશ વસ્તી ૮૪૪૭ હોવી જોઈએ જેમાં ૧૫ ટકા ઘટ મુજબ મહત્તમ ૯૭૧૪ અને મહત્તમ ઘટ ૭૧૮૦ નિયત કરાઈ છે.

નવા સીમાંકનમાં જે ત્રણ નવી બેઠકો બની છે તેમાં છત્રાલના ટુકડા કરી છત્રાલ-૧ અને છત્રાલ-૨ એમ બે બેઠકો કરાઈ છે. લીંબોદરા ગામ માણસા તાલુકામાં ભળી જતાં

● અનુસંધાન પાન-૭ પર

# આજે ધો-૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ

## સવારે ૮ કલાકે બોર્ડની વેબસાઇટ પરથી પરિણામ જાણી શકશે: વિદ્યાર્થીઓને માર્કશીટ તેમજ પ્રમાણપત્ર વિતરણ બાદમાં કરવામાં આવશે

ગાંધીનગર તા ૨૯

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગત માર્ચ મહિનામાં લેવાયેલી ધોરણ -૧૨ સામાન્ય પ્રવાહની પરિક્ષાનું આજે પરિણામ જાહેર થશે.ગત તા ૨૮ મી મેં ના રોજ વિજ્ઞાન પ્રવાહની પરિક્ષાનું પરિણામ જાહેર થયા બાદ શનિવારે સામાન્ય પ્રવાહના પરિણામને અનુલક્ષી વિધાર્થીઓમાં ઉત્તેજના જોવા મળી રહી છે.જિલ્લામાંથી ૨૪ હજાર જેટલા વિધાર્થીઓએ સામાન્ય પ્રવાહની પરિક્ષા આપી હતી.

ગુજરાત માધ્યમિક શિક્ષણ બાર્ડ દ્વારા ગત માર્ચ મહીનામાં લેવાયેલી ધોરણ -૧૨ સામાન્ય પ્રવાહની પરિક્ષાનું પરિણામ તા ૩૦ મેં ના રોજ જાહેર થશે. બોર્ડ દ્વારા તા ૨૮ મી મેં ના રોજ ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહ ની પરિક્ષાનું પરિણામ જાહેર થતા વિધાર્થીઓની ઈન્તેજારીનો અંત આવ્યો છે. જયારે બોર્ડ દ્વારા ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહનું આજે પરિણામ જાહેર થવાનું હોવાથી વિધાર્થીઓમાં પણ ઉત્તેજના પ્રવર્તી છે. જિલ્લામાંથી ૨૪ હજાર જેટલા વિધાર્થીઓએ ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહની પરિક્ષા આપી હતી.જિલ્લામાં ૧૨ કેન્દ્રો તેમજ ૪૨ પરિક્ષા સ્થળો અને ૪૩૯ બ્લોકમાં પરિક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું. જયારે બોર્ડ પરિક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરિતી ન થાય તે માટે

● અનુસંધાન પાન-૭ પર



(તસવીર : કશ્યપ નિમાવત)

રે પારેવા સુખથી ચણજો - સેવા પરમો ધર્મ એ યુક્તિને સાર્થક કરતા નગરમાં ઘણા પક્ષી પ્રેમીઓ વસે છે... સવાર સાંજ પંખીઓને ચણ નાખવાનો નિત્યક્રમ અપનાવતા આવા પંખી પ્રેમીઓ જયારે પંખીઓને ચણ નાખી જાય છે ત્યારે આ ભોળા પંખીઓ એ ચણને કેવા સુખથી ચણી રહ્યા છે...

Hydraid BioSand Water Filter

Safe Water For Million

શુદ્ધ જળ સ્વસ્થ તન નિર્મળ જીવન

Shuddh Jal




બેક્ટેરીયા, વાઈરસ, પેરેસાઈટ્સ જેવી અશુદ્ધિઓ પાણીમાંથી દુર કરે છે

Hydraid ® BioSand વોટર ફિલ્ટરના ટેકનીકલ લક્ષણો

- ઈલેક્ટ્રીસીટી, બેટરી કે મુવેબલ પાર્ટસ વગર કાર્યરત
- ઉંચાઈ : ૩૦.૫'' - પહોળાઈ : ૧૬.૫''
- વજન : ૩.૬ કે.જી. (ખાલી), ૬૩.૫૦ કે.જી. (ભરેલ)
- એફડીએ દ્વારા પ્રમાણિત યુ.વી. અવરોધક પ્લાસ્ટીક બોડી
- પ્રતિ કલાકે ૪૭ લીટર પાણી (સમયાંતરે) શુદ્ધ કરે.
- ઘર ઉપયોગી 'પોઈન્ટ-ઓફ-યુઝ' (પી.ઓ.યુ.)
- તેનો વપરાશ ૧૦ વર્ષથી પણ વધુ કરી શકો છો.
- ૮ થી ૧૦ વ્યક્તિના કુટુંબ માટે જરૂરિયાત પુરી કરનાર
- એક વર્ષની મર્યાદિત વોરંટી, ટોપ રેન્કેડ ટેકનોલોજી
- કાર્યરત કરવાનો સમય : ૨૦ મીનીટ, પાવર સોર્સ : ગ્રેવીટી

સીલીકોન ખનીજતત્વોનો પાણીમાં ઉમેરો કરે



સીલીકોનયુક્ત મીનરલ જળના ફાયદાઓ

- વજન ઘટાડે છે.
- હાડકાની મજબુતાઈ વધારે છે.
- બ્લડપ્રેશરને ઘટાડે છે.
- એલડીએસ કોલેસ્ટ્રોલ ઘટાડે છે.
- પાચનશક્તિ સુધારે છે
- સ્નાયુઓની કાર્યક્ષમતા જાળવી રાખે છે.
- કીડનીની પથરીની સંભાવના ઘટાડે છે.

૧૦૦% કુદરતી શુદ્ધિકરણ પદ્ધતિ

જરૂરી ખનીજતત્વોને જાળવી રાખે છે

MADHAV MICROTECH PVT. LTD.
"Bringing Technology & People together"

TRIPLE QUEST
a partnership of cascade engineering and the windquest group

સંપર્ક : પ્રત્યક્ષ નિદર્શન / બુકીંગ / ડીલરશીપ માટે સંપર્ક

પ્લાન્ટ :- એ/૬૪, કલ્પવૃક્ષ ટ્રેનિંગ સેન્ટરના ખાંચામાં, જીઆઈડીસી ઈલેક્ટ્રોનિક્સ એસ્ટેટ, સેક્ટર-૨૫, ગાંધીનગર-૩૮૨૦૧૬ (ઈન્ડિયા)
વિદેશી ઓફીસ/OVERSEAS OFFICE : Ryan HI NU Tec Pvt LLC, 6040, Whethersfield LN, # 33E, Bloomfield Hills, MI 48301, USA
સેલ્સ પૂછપરછ : Mo. +91 94260 60458, 9426828782 • E-mail : md@madhavmicrotech.com • Website : www.madhavmicrotech.in

# પ્રાથમિક શિક્ષણના ગુણોત્સવમાં જિલ્લા માટે ગઢ આલા પણ સિંહ ઘેલા જેવી સ્થિતિ

## સી અને ડી ગ્રેડ ધરાવતી શાળાઓમાં બમણો વધારો

## ગાંધીનગર તાલુકા માટે સૌથી નિરાશાજનક પરિણામ

ગાંધીનગર, તા. ૨૯

સરકાર દ્વારા યોજાયેલ ગુણોત્સવ-૫માં ગાંધીનગર જિલ્લાના શિક્ષણતંત્ર માટે 'ગઢ આલા પણ સિંહ ઘેલા' જેવી સ્થિતિનું નિર્માણ થયુ છે. જિલ્લાનો રેંકિંગ સુધર્યો પણ સાથે સાથે સી અને ડી ગ્રેડ ગુણાંક મેળવતી શાળાઓની સંખ્યા બમણી થવા પામી છે.

ગુણોત્સવ-૫નું સરકાર દ્વારા જાહેર કરાયેલ પરિણામ મુજબ જિલ્લાની ૬૮૦ શાળાઓમાંથી એ+ ધરાવતી શાળા નવ છે. એ ગ્રેડ ધરાવતી શાળા ૧૭૬ છે. બી ગ્રેડ ધરાવતી શાળા ૩૪૪, સી ગ્રેડ ધરાવતી શાળા ૧૨૧ અને ડી ગ્રેડ ધરાવતી શાળા ૩૯ છે.

ગુણોત્સવ રેંકિંગમાં જિલ્લો ૮મા ક્રમે આવ્યો છે. જો કે આ પરિણામમાં બી ગ્રેડ ધરાવતી શાળાઓ ઘટતાં અને એ ગ્રેડ તેમજ એ+ મેળવતી શાળાઓમાં વધારો થતાં સુધારો નોંધાયો છે.

ગુણોત્સવ-૪માં સી ગ્રેડ મેળવનાર શાળાની સંખ્યા ૬૪ હતી તે પાંચમાં વધીને ૧૨૧ થઈ છે. તો ડી ગ્રેડ મેળવનાર શાળાઓની સંખ્યા ગુણોત્સવ-૪માં ૧૬ હતી તે વધીને ૩૯ પર પહોંચી છે. આ ખુબજ ચિંતાજનક બાબત છે અને તેથી જ શિક્ષણતંત્ર માટે ગઢ આલા પણ સિંહ ઘેલા જેવી સ્થિતિ થઈ છે.

જિલ્લાનો સૌથી મોટો તાલુકો વસ્તી અને વિસ્તારની દૃષ્ટિએ ગણાતા ગાંધીનગર તાલુકાની એક પણ શાળા એક ગ્રેડ મેળવી શકી નથી. તો જિલ્લામાં સૌથી વધુ ડી ગ્રેડની શાળાઓ પણ ૧૮ આ તાલુકામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર

# અમદાવાદ મહાનગરપાલિકાના સીમાંકનની જાહેરાત

## કુલ ૪૮ વોર્ડ અને ૧૯૨ કોર્પોરેટરો : રાજકીય પક્ષો સાથે ચર્ચા કરાશે : રાજ્ય ચૂંટણી પંચે વોર્ડોની રચના, સીમાંકન તથા બેઠકોની ફાળવણી અંગેનો પ્રાથમિક આદેશ પ્રસિદ્ધ કર્યો : મહિલાઓ માટે ૫૦ ટકા બેઠકો અનામત

અમદાવાદ,તા. ૨૯

અમદાવાદ મહાનગરપાલિકાની વોર્ડોની રચના તથા સીમાંકન તથા બેઠક ફાળવણી અંગેનો પ્રાથમિક આદેશ આજે બહાર પડાતા આ અંગે ચાલી રહેલી અટકળોનો અંત આવી ગયો હતો. રાજ્ય ચૂંટણી આયોગે આજે વર્ષ ૨૦૦૧ની વસતી ગણતરી પ્રમાણે પ્રાથમિક આદેશ જારી કર્યો હતો. જે મુજબ શહેરમાં વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણીના નિયમોમાં ૨૦૧૫થી સુધારો કરી મહાનગરપાલિકાના એક વોર્ડમાં ચાર બેઠકો અને તે પૈકી બે બેઠકો સ્ત્રીઓ માટે અને બાકીની બે બેઠકો જરૂરિયાત મુજબ અનામત કે બિનઅનામત રાખવાની જોગવાઈ કરવામાં આવી છે. જેમાં ૫૦ ટકા બેઠકો મહિલાઓ માટે અનામત રાખવાની જાહેરાત

(અનુસંધાન નીચેના પાને)

કરવામાં આવી છે. આ રીતે મહાનગરપાલિકાની કુલ વસતી ૫૫,૭૭,૯૪૦ને ધ્યાનમાં રાખી શહેરને ૪૮ વોર્ડમાં વહેંચવામાં આવે છે. તેથી વોર્ડની સરેરાશ વસ્તી ૧,૧૬,૨૦૭ની થાય છે. આ આંકડાઓ પ્રમાણે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની કુલ ૪૮ વોર્ડમાં કાઉન્સિલરોની કુલ બેઠકો ૧૯૨ રહેશે. જેમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગ તથા મહિલાઓ માટે અનામત બેઠકોની સંખ્યા પણ નિર્ધારિત કરવામાં આવી છે. રાજ્ય ચૂંટણી આયોગે એકત્ર કરેલી માહિતીના આધારે જે રીતે વોર્ડોનું સીમાંકન કરવાનું નક્કી કર્યું છે. તેમાં કોઈ પણ રીતે વોર્ડની વસ્તી સરેરાશ વસ્તીના ૧૦ ટકાથી વધતી નથી કે ૧૦ ટકાથી ઘટતી પણ નથી. દરેક વોર્ડમાં બે બેઠકો મહિલાઓ (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ તથા પછાતવર્ગની મહિલાઓ સહિત) અનામત રાખવાની છે. જયારે બે બેઠકો સરકારે બહાર પાડેલા જાહેરનામા મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને પછાત વર્ગ અથવા બિન અનામત ફાળવવાની

● અનુસંધાન પાન-૭ પર

શું તમે સફળ વ્યક્તિ બનવાનું સ્વપ્ન સેવો છો ?

શું તમે ધોરણ : ૧૨ પછી ભાવિ કારકિર્દી અંગે કોઈ લક્ષ નક્કી કર્યું છે ?

કડી સર્વ વિશ્વવિદ્યાલય આયોજિત
કારકિર્દી માર્ગદર્શન

તારીખ : ૩૧મી મે, ૨૦૧૫ અને ૧લી જૂન, ૨૦૧૫
સમય : સવારે ૧૦-૦૦ થી સાંજે ૬-૦૦ દરમ્યાન

ગાંધીનગર : બ્રહ્માણી કૃપા હોલ, ફાર્મસી કેમ્પસ, ઘ-૬ સર્કલ, સર્વ વિદ્યાલય કડી કેમ્પસ, સેક્ટર-૨૩, ગાંધીનગર. ફોન : ૦૭૯ ૨૩૨૪૦૦૧૦
કડી : ડો. રામભાઈ પટેલ સંસ્કાર ભવન, સર્વ વિદ્યાલય કેમ્પસ, રેલ્વે સ્ટેશનની પાછળ, કડી. મો. ૯૮૨૪૧ ૧૫૩૬૭

લક્ષ્ય
MISSION PAY BACK TO THE SOCIETY

ટીચર્સ એલીજીબીલીટ ટેસ્ટ (ટેટ)ની સ્પર્ધાત્મક પરીક્ષાના તાલીમ વર્ગ

ગાંધીનગરમાં અનુસૂચિત જાતિના ઉમેદવારો માટેના તાલીમ વર્ગો

'લક્ષ્ય'ના ઉપક્રમે ટીચર્સ એલીજીબીલીટ ટેસ્ટ (ટેટ)ની સ્પર્ધાત્મક પરીક્ષામાં બેસનાર અનુસૂચિત જાતિના ઉમેદવારો માટેના પરીક્ષાના તાલીમ વર્ગો, ATRIA-B, બીજે માળ, સરગાસણ ચોકડી, ગાંધીનગર ખાતે તા. ૧/૬/૨૦૧૫થી શરૂ કરવામાં આવશે. તાલીમ વર્ગ માટે ફીનું ધોરણ રૂ. ૫૦૦૦/- (રૂપિયા પાંચ હજાર) નક્કી કરવામાં આવેલ છે.

રસ ધરાવતા ઉમેદવારો તાલીમ વર્ગ વ્યવસ્થાપક શ્રી આર. એમ. ચાવડા (મો-૯૯૯૮૯૪૮૦૯૩) અને 'લક્ષ્ય' અધ્યક્ષ શ્રી એમ. બી. પરમાર (IAS) (મો.૯૮૨૫૦૩૧૩૮૩)નો સવારના ૮ થી ૧૧ કલાક દરમિયાન સંપર્ક કરી શકે છે.